## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૮/૦૫/૨૦૧૭ થી તા. ૦૩/૦૬/૨૦૧૭ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નં. ૧૨/૨૦૧૭ તા. ૨૮/૦૫/૨૦૧૭ :-**

તા. ૨૮/૦૫/૨૦૧૭ના રોજ સુરત રેલ્વે સ્ટેશન પ્લેફોર્મ નંબર-૨/૩ ઉપરથી એક છોકરી એકલી વુ.હે.કોન્સ. દક્ષાબેન કિકુભાઇ નાઓને જોવામાં આવતા તેની પુછપરછ કરતા તેણે તેનુ નામ મંજુ ડો/ઓ ઉમેદ ચક્વતી ઉં.વ.૧૬ રહે. ગામ મંજોલી તા. જબલપુર એમ.પી. વાળી ફોન ઉપર પ્રેમ થઈ જતાં તે છોકરાને મળવા માટે ઘરે કોઈને પણ કહ્યા વગર નિકળી આવેલ હોવાનું તેના પિતાના મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરી જાણ કરી છોકરીને લેવા આવે ત્યાં સુધી સારસંભાળ માટે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર સુરત ખાતે મુકવામાં આવેલ અને તા. ૨૯/૦૫/૨૦૧૭ના રોજ તેના પિતા નામે ઉમેદકુમાર સુખલાલ ચક્વતી નાઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં લેવા માટે આવતાં તેના પિતાનું નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી છોકરીને તેના પિતાને રૂબરૂમાં સોંપવામાં આવેલ છે.

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નં. ૧૪/૨૦૧૭ તા. ૩૧/૦૫/૨૦૧૭ :-**

તા. ૩૧/૦૫/૨૦૧૭ના રોજ સુરત રેલ્વે સ્ટેશન પ્લેફોર્મ નંબર-૧ ઉપરથી એક છોકરો એકલો વુ.હે.કોન્સ. દક્ષાબેન કિકુભાઇ નાઓને જોવામાં આવતા તેની પુછપરછ કરતા તેણે તેનુ નામ સોહેબ સ/ઓ શબ્બીર ખાન ઉં.વ.૧૨ રહે.અર્તરા થાના અર્તરા જી. બાંદા યુ.પી. વાળો તેના મામાનો મોબાઈલ ફોન નંબર આપતાં તેણે આપેલ મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરી જાણ કરતાં તેના મામા નામે મહમદ રઈશ શોકતઅલી શેખ નાઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં લેવા માટે આવતાં યોગ્ય પુરાવા મેળવી તેના મામાને રૂબરૂમાં સોંપવામાં આવેલ છે.

Sd/-
**પોલીસ અધિક્ષક,**
**પશ્ચિમ રેલ્વે વડોદરા**